ધાનેરામાં દલિતોના સ્મશાનમાં માથાભારે તત્વો દ્વારા દબાણ : દલિતોમાં રોષ

દલિત સમાજના આગેવાનો સહીત યુવાનોએ ભેગા મળી વિશાલ રેલી યોજી દબાણ દૂર કરાવવા માટે ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપ્યું. ધાનેરા માં દલિતો ની સમસાન ભૂમિ ઉપર માથાભારે

લોકો ધ્વરા દબાણ કરતા દલિતો માં ભારે રોષ ની લાગણી જોવા મળી હતી અને દલિત સમાજ ના આગેવાનો સહીત યુવાનોએ ભેગા મળી વિશાલ રેલી યોજી દબાણ દૂર કરાવવા માટે ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપ્યું હતું.

ધાનેરા નેનવા હાઈવે રોડ ઉપર દલિત સમાજ ની સમસાન ભૂમિ આવેલી છે પરંતુ આ સમસાન ભૂમિ ઉપર કેટલાક માથાભારે લોકો ધ્વરા દબાણ કરી નાખતા દલિતો માં ભારે રોષ ની લાગણી જોવા મળી હતી અને જયારે કોઈ દલિત સમાજ માં અવસાન પામે અને તેની દફન વિધિ માટે સમસાન ભૂમિ માં જાય ત્યારે આ દબાણ દરો ધ્વરા દલિતો ને જતી અપમાનિત શબ્દો બોલી તેમનું અપમાન કરવામાં આવે છે માટે આજે આ રોષે ભરાયેલા દલિત સમાજ ના આગેવાનો સહીત મોટી સંખ્યા માં યુવાનોએ ભેગા મળી વિશાલ રેલી નીકાળી ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપી દબાણ દૂર કરાવવા માટે માંગણી કરી હતી અત્યારે તો દલિત સમાજ ધ્વરા આવેદન પત્ર આપી સમસાન ભૂમિ ઉપર થી દબાણ દૂર કરવા માટે તંત્ર ને રજૂઆત કરી છે પરંતુ જો આ બાબતે તંત્ર ધ્વરા કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તો આવનાર સમય માં ઉગ્ર આંદોલન કરવાની દલિતોએ ચીમકી ઉચ્ચારી હતી.

જડીયાલી ગામે ડેપ્યુટી સરપંચ તરીકે ધ્રોપાબેન કાળાજી રબારી વિજેતા

લાખણી તાલુકાના જડીયાલી ગામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ હતી જેમાં રમેશભાઈ તેજાભાઈ પટેલની પેનલના ધ્રોપાબેન કાળાજી રબારી વિજેતા બનતા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં સરપંચોની ચૂંટણી સંપન્ન થતા હવે ડેપ્યુટી સરપંચની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જડીયાલી ગામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે લાખણી મામલતદાર સોલંકીના અધ્યક્સ્થાને જડીયાલી ગ્રામપંચાયતમાં ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ હતી જેમાં ધ્રોપાબેન કાળાજી રબારી અને સુખીબેન કસનાજી પટેલ બે ઉમેદવારો મેદાનમાં હતા જેમાં સુખીબેનને ત્રણ માટે અને ધ્રોપાબેનને સાત મત મળતાં રમેશભાઈ તેજાભાઈ પટેલની પેનલના ધ્રોપાબેન રબારી વિજય બન્યા હતા અને ગામમાં ભારે ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.

પાલનપુરમાં ભાજપ કાર્યાલય ખાતે ધ્વજવંદન યોજાશે

પાલનપુર, તા. ૨૪

૬૮માં પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ જિલ્લા કાર્યાલય પાલનપુર ખાતે બક્ષીપંચ મોરચા પ્રમુખ, ડીરેક્ટર એસ.ટી,. નિગમ ગુજરાત દિનેશભાઈ અનાવાડીયાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ રાખેલ છે. પાલનપુર શહેર, તાલુકા અને જિલ્લાના તમામ કાર્યકર્તા, શુભેચ્છક, સમર્થક મિત્રોને ધ્વજવંદન કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા ભાજપ મીડીયાસેલ કન્વીનર રૂપસિંગ ચૌહાણે જણાવેલ છે.

ઉમા વિદ્યાલયની સ્વચ્છતા અભિયાનની રેલી યોજાઈ

મેઘરજની ઉમા વિદ્યાલયના બાળકો દ્વારા મંગળવારે સ્વચ્છતા અભિયાન તથા જનજાગૃતિ માટે રેલી કાઢવામાં આવી હતી. મેઘરજના મુખ્ય માર્ગોથી તાલુકા પંચાયત સુધી રેલી લઈ જઈ લોકોને સ્વચ્છતા માટે આહવાન કર્યુ હતુ. શાળાના આચાર્ય હિતેષભાઈ પટેલ અને ડાયરેક્ટર સત્યમભાઈ પંડ્યાએ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ભિલોડા તાલુકાના બુઢેલી-ટોરડા પહાડના અંતરીયાળ ગીચ ડુંગરાળ વિસ્તારમાં

ફંદામાં પગ ફસાતા દિપડાની ગર્જનાથી ભારે હાહાકાર

ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકાના બુઢેલી-ટોરડા-પહાડાના અંતરીયાળ ગીચ ડુંગરાળ વિસ્તારમાં ફંદામાં યંગ દિપડીનો પગ ફસાઈ જતાં અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં ગર્જના કરતાં પ્રજાજનોના ટોળેટોળા ડુંગરની તળેટી નીચે ઉમટ્યા હતા.વન વિભાગ ધ્વારા દિપડીને સલામત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યું ઓપરેશન કલાકો સુધી હાથ ધરાયુ હતું. તા.૨૩/૧/૨૦૧૭ ને

સોમવારના રોજ મધ્ય રાત્રે ૧૨:૦૦ વાગ્યાના સુમારે દિપડીને ફંદામાંથી મુક્ત કરી પાંજરે પુરવામાં આવી હતી ત્યાર બાદ ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં વધુ સારવાર અર્થે ગાંધીનગર, રાધનપુર, અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના વન વિભાગના અધિકારીઓની ટીમ ધ્વારા મોકલાઈ હતી. ભિલોડા તાલુકાના જીવદયા પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

આ ઘટનાની જાણ ૩:૩૦ વાગ્યે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવી હતી ત્યારે માંડ સાંજે ૭:૦૦ વાગ્યે અંધારૂ પડે ફક્ત બે બીટગાર્ડ આવ્યા તે પછી બુઢેલી ગામના અગ્રણી આગેવાન અને પુર્વ પ્રદેશ પ્રતિનિધિ ભાજપ, બુઢેલી જંગલ વિસ્તારના પ્રમુખ નટવરસિંહ રાઠોડ, સરપંચ, ડે. સરપંચનાઓએ લાગતા-વળગતાઓને આ બાબતે જાણ કરતાં રાત્રે ૯:૩૦ વાગ્યાના અરસામાં ભિલોડા, શામળાજી, માલપુર, મોડાસા સહિત અરવલ્લી જીલ્લાની ફોરસ્ટ ડિપાર્ટમેન્ટ ટીમ આવી પહોંચી હતી. ડી. એફ. ઓ. અનુરાધા શાહુ, એન.પી.શ્રીમાળી, એન.પી.મેવાડા, ભિલોડા, શામળાજી, માલપુર, મોડાસા આર.એફ.ઓ., પોલીસ વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર રહ્યા હતા. ગાંધીનગરથી આવેલ ડાંક્ટરોની ટીમે ઈંજેક્શનથી ફાયર કરી દિપડીને બેભાન કરી ડુંગર ઉપરથી નીચે ઉતારી પાંજરાંમાં મુકી વાંસળી ગામમાં વન વિભાગની નર્સરીમાં સલામત રીતે લઈ જઈ ઈજાગ્રસ્ત દિપડીને સારવાર આપતાં દિપડી મધ્યરાત્રે ૧:૩૦ વાગ્યે ભાનમાં આવી જતાં વન વિભાગ ધ્વારા દિપડીને ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં વધુ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. ડુંગરો ઉપર નિર્દોષ સસલા, નિલગાય જેવા પ્રાણીઓને ફસાવવા શિકારી લોકો દેશી ઢબનો ફંદો લોખંડના તારથી બનાવી ડુંગરો ઉપર લગાવતા શિકારી ઈસમોને સત્વરે વન વિભાગ ધ્વારા તપાસ કરી શિકારી ઈસમોને ઝડપી લઈ કડકમાં કડક સજા કરવી જોઈએ તેમ લોકસુર મધ્યરાત્રે વર્તાતો હતો.

અરવલ્લીની ગીરીમાળાઓમાં વિજયનગર, ભેટાલી, રામનગર, હુંજ, ફતેપુરા, રાજેન્દ્રનગર, ધુલેટા, જનાલી, બાંખોર, વાંટડા, વાવડી, ગોપાલકુંજ, શિહોલી, માંકડી સહિત વિવિધ અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોના ડુંગરોમાં ચારે તરફ ઘનઘોર વનરાજીથી ગીચોગીચ જાળીમાં ફેલાયેલો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર પંથકમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો, પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ખડભડાટ મચી જવા પામ્યો છે. મઉં, હુંજ, રામનગર, જનાલી વિગેરે વિસ્તારોમાં દિપડાએ બકરાં-ઘેટાને અવારનવાર મારણ કરી ગીચ જાડીમાં છુપાઈ જતા હોય છે ત્યારે ખેડુતો, પશુ પાલકો, રાહદારીઓ, શ્રમજીવીઓ પરીવારોમાં ભયનું વાતાવરણ ઉભુ થયું છે ત્યારે તા.૨૩મીને સોમવારના રોજ સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા પાસેના બુઢેલીના ભરચક ડુંગરમાંબપોરના ૩:૦૦ વાગ્યાના સુમારે આશરે દિપડીની ગર્જનાઓ થતાં આજુ-બાજુ જતા આવતા લોકોએઆ બુમરાણ સાંભળતાં ડુંગર ઉપર ભયાનક ગર્જના કરી રહ્યાના વાયુવેગે સમાચારો વહેતા થતાં તમાશાને તેડું ન હોઈ તે રીતે આજુ-બાજુના પંથકની જનમેદની દિપડીને જોવા માટે ઉમટી હતી. ઘણા લોકો કહેતા હતા કે બે નાના બચ્ચાઓ પણ અમે જોયા હતા.

બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ વિજેતા સરપંચોનું સન્માન કર્યું

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની સરપંચ પદ માટેની યોજાયેલી ચૂંટણીઓમાં વિજેતા બનેલા સરપંચોનું કોંગ્રેસ તેમજ માલપુર-બાયડના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા દ્વારા સત્કાર સમારંભ યોજાયો હતો. ધારાસભ્યે ચૂંટાયેલા તમામ સરપંચોને ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ગામડાના લોકોએ તમારી ઉપર વિશ્વાસ મુકી વિજેતા બનાવ્યા છે, ત્યારે આ વિશ્વાસ ઉપર ખરા ઉતરી તેમના વિકાસના કાર્યો કરવા હાંકલ કરવાની સાથે આગામી ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને બહુમતીથી વિજય અપાવવા આશા વ્યક્ત કરી હતી. કોંગ્રેસ દ્વારા યોજાયેલા સરપંચોના સત્કાર સમારંભમાં મોટી સંખ્યામાં બાયડ તાલુકાના સરપંચો હાજર રહેતા કોંગ્રેસી આગેવાનોમાં આનંદ છવાયો હતો.

કાર્યકર્તા કામમાં ગુણાત્મક સુધારો જરૂરી : અશોક ભાવસાર

હિંમતનગર, તા. ૨૪

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જીલ્લાની ચોથી જીલ્લા કારોબારી બેઠક સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસારના અધ્યક્ષસ્થાને વિજયનગર પોળો ટેન્ટ સીટી ખાતે મળી હતી. જેમાં પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, રમીલાબેન બારા, સાંસદ દીપસિંહ રાઠોડ અને જીલ્લા ભાજપ મહામંત્રી તખતસિંહ હડીયોલની ઉપસ્થિતમાં સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસારે જણાવેલ કે, નોટબંધીનો નિર્ણય ઐતિહાસીક હતો અને નોટબંધીમાં પણ તાજેતરની સરપંચોની ચૂંટણીમાં આપણા જ કાર્યકર્તાઓ ચુંટાયા છે

જેથી આંદોલનથી ભાજપે કયારેય ડરવાની જરૂર નથી. આપણે આપણું કામ ચાલુ રાખી પ્રજાના કામો કરવાના છે. કોંગ્રેસને બોલવાનો અધિકાર નથી કોંગ્રેસે અનેક કૌભાંડો કર્યા છે આપણા ઉપર એક પણ ડાઘ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈનો ઉલ્લેખ કરી જણાવેલ કે, આપણું નેતૃત્વ વિશ્વએ સ્વીકાર્યું છે. અશોકભાઈ ભાવસારે વધુમાં જણાવેલ કે, દીનદયાલ ઉપાધ્યાય જન્મ સત્તાબ્દી વર્ષ આપણે ઉજવી રહ્યા છે ત્યારે સમગ્ર રાજયમાં કાર્યકર્તા વિસ્તારક તરીકે જોડાઈ પક્ષ માટે સેવાનું કામ કરી રહ્યા છે. હિંમતનગરમાં અમદાવાદના પૂર્વ ધારાસભ્ય ભાવીનભાઈ શેઠ જવાબદારી સંભાળશે તેમ રાજસ્થાનથી પણ બે કાર્યકર્તા આપણા જીલ્લામાં કામ કરશે ભાવસારે વધુમાં જણાવેલ કે, કાર્યકર્તામાં ગુણાત્મક સુધાર આવવો જોઈએ. જેથી સમાજ જીવનને આપણે કહી શકીયે વર્તમાન ગુજરાતના વિજયભાઈ રૂપાણીની સરકારે બધાજ વિભાગોના નિર્ણય સાથે કામો કર્યા છે જે તમે સરકારની બુકોનું અભ્યાસ કરો જેમાં કેશુભાઈ પટેલથી માંડી આજની સરકારે કરેલા કામોનું માર્ગદર્શન મળશે.

આગામી વિધાનસભાની ચૂંટણી લડવાનું એલાન કરતા એન્કાઉન્ટર સ્પેશિયાલીસ્ટ

પાલનપુરના મહેમાન બન્યા ડી.જી.વણઝારા : રાજકીય કિન્નાખોરીનો ભોગ બન્યા હોવાનું જણાવતા પૂર્વ આઈ.પી.એસ.

એન્કાઉન્ટર સ્પેશિયાલીસ્ટ પૂર્વ આઈ. પી.એસ.ડી.જી.વણઝારા આજે પાલનપુરના મહેમાન બન્યા હતા. ત્યારે પાલનપુર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ડી. ઝી. વણઝારાએ આગામી ૨૦૧૭ ની ચૂંટણી લડવાનું એલાન કર્યું હતું.

એનકાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ તરીકે ગુજરાતમાં પ્રસિધ્ધ પૂર્વ આઈપીએસ ડી.જી. વણઝારા આજે બનાસકાંઠા જીલ્લાના મહેમાન બન્યા હતા. પાલનપુર ખાતે વણઝારાએ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાનની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકીય કિન્નાખોરીના શિકાર બન્યા હતા. જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ તેઓ પોતાની બીજી ઈનિંગની શરૂઆત કરતા ગુજરાત પ્રવાસ કરી રહ્યા છે. પાલનપુર ખાતે તેઓનું ૪૮મુ જાહેર સન્માન થઈ રહ્યું હોવાનું જણાવી ગુજરાતભરમાં તેઓને સારો આવકાર મળી રહ્યો હોવાનું જણાવ્યું હતું. તેઓએ ગુજરાતની પ્રજા તરફથી મળી રહેલા પ્રતિસાદને પગલે આગામી ૨૦૧૭ ની ચુંટણીમાં ઝંપલાવવાનું એલાન કર્યું હતું.

મીડિયાના મિત્રો સાથે વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓના એન્કાઉન્ટર સાચા જ હતા. પરંતુ રાજકીય કિન્નાખોરીના શિકાર બનતા તેઓને જેલવાસ

ભોગવવાનો વારો આવ્યો હતો. જોકે, હવે તેઓ ગુજરાત પોલીસના ડાઉન થયેલા મોરલ સહિત એન્કાઉન્ટરમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓની પ્રતિષ્ઠાને પુનઃ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેઓએ સિસ્ટમમાં સુધારો કરવા માટે હવે જાહેરજીવનમાં આવી ચૂંટણી લડીને પ્રજાની મુશ્કેલીઓ દુર કરવાનો પ્રયત્ન કરવાનો હુંકાર કર્યો હતો.

૮ વર્ષજેલ મા અને ૧ વર્ષમુંબઈ રહ્યા બાદ ગુજરાતમા પ્રવેશી ગુજરાતનો પ્રવાસ કરી આગામી ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણી લડવાનું એલાન કરનાર ડી.ઝી.વણઝારાએ પોતાની આગામી રણનીતિ અને ક્યાં પક્ષમા થી ચૂંટણી લડશે તે અંગે તો સમય આવ્યે પત્તા ખોલશે તેવું જણાવી રહસ્ય બરકરાર રાખ્યું હતું.

દરમિયાન, આજે પાલનપુર ખાતે પૂર્વ આઈ.પી.એસ. વણઝારાએ શક્તિ પ્રદર્શન કરતા રેલી યોજી હતી. જેમાં અમુક પાટીદાર અને વિશ્વહિન્દુ પરિષદ ના કાર્યકરો પણ જોડાયા હતા. હવે જોવું રહ્યું કે, વણઝારા પર કયો રાજકીય રંગ ચડે છે.

ડાયાબીટીસના દર્દીઓને ફ્રી આંખો તપાસવાનો કેમ્પ મોડાસામાં

ડાયાબીટીસના દર્દીઓને ફ્રી આંખો તપાસવાનો કેમ્પ તા. ૨૯-૧-૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલમાં રાખેલ છે. આ કેમ્પ રાષ્ટ્રીય દૃષ્ટિ વિહિનતા નિવારણ સમિતિ ગોધરા દ્વારા રાખવામાં આવે છે. જેમાં દર્દીઓની આંખો તપાસી જેઓને લેઝર કરવાનુ હશે તેઓને સ્થળ ઉપર કરવામાં આવશે અને વધુ આંખોમાં નુકશાન હશે તેઓને ગાંધીનગર મુકામે ડૉ. ચેતન્ય શુક્લાના દવાખાને ફ્રી ટ્રીટમેન્ટ કરવામાં આવશે. આ કેમ્પમાં અમદાવાદના ડૉ. નાગપાલના આસીસ્ટન્ટ ડૉ. હાર્દિક જૈન અને ડ. આશીષ જૈન તથા ગાંધીનગરના ડૉ. ચેતન્ય શુક્લા સેવા આપશે. મોડાસા મુકામે વધુ માહિતી માટે રાજેન્દ્ર વી. શેઠ ફો નં. ૯૪૨૯૦૫૪૬૯ સંપર્ક કરવો. તો દરેક ડાયાબીટીસના દર્દીઓએ લાભ લેવા વિનંતી છે.

વ્યાજ સબસીડી

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ સરકાર ૪૪ લાખ મકાનો બનાવવાનો ઈરાદો ધરાવે છે. સત્તાવાર નિવેદનમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી છે. આ સ્કીમથી ગ્રામીણ વિસ્તારોમાં લોકોને નવા આવાસના નિર્માણ કરવા અથવા તો તેમના પ્રવર્તમાન મકાનને વધુ વિસ્તૃત બનાવવા અને સુવિધા વધારવાની તક મળશે. નેશનલ હાઉસિંગ બેંક આ સ્કીમને અમલી બનાવશે. સરકાર ત્રણ ટકા વ્યાજ સબસિડીના જાળને ઉપલબ્ધ કરાવશે. આના બદલામાં નેશનલ હાઉસિંગ બેંક પ્રાથમિક ધિરાણની સુવિધાઓ આપશે. સેડ્યુઅલ કોમર્શિયલ બેંકો, એનબીએફસી અને અન્યો જેવી પ્રાથમિક ધિરાણ આપતા સંસ્થાઓને પણ મંજુરી આપવામાં આવી છે. આ સ્કીમ હેઠળ સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ને યોગ્યરીતે અમલી કરવા માટે જરૂરી પગલા લેશે. પ્રવર્તમાન વ્યવસ્થા મારફતે લાભ લેનારાઓને અન્ય મદદ પણ કરાશે. બીજી બાજુ કેન્દ્રીય કેબિનેટે આઠ ટકા રિટર્ન સાથે સિનિયર સિટિઝનો માટે પેન્શન સ્કીમને પણ મંજુરી આપી છે. ફાઈનાન્સિયલ ઈન્ક્લુશન અને સોશિયલ સિક્યુરીટી માટેની સરકારની કટિબદ્ધતા આમા દેખાઈ આવશે. ૧૦ વર્ષ સુધી પ્રતિ વાર્ષિક આઠ ટકાના રિટર્નનો આમા વિકલ્પ રહેશે.

આવકવેરાના દરોડ... ● અનુસંધાન ત્રીજાનું ચાલુ

જ્વેલર્સે કરેલા નાણાંકીય વ્યવહારો આવકવેરા વિભાગની રડારમાં આવી ગયા હતા. ત્યારબાદ જુની

નોટોની ટ્રાન્સફર અંગે જ્વેલર્સને યોગ્ય ખુલાસા કરવા ઉપરાંત સીસીટીવી ફુટેજ પણ મંગાયા હતા. આવકવેરા વિભાગ દ્વારા નોટબંધીના નિર્મય બાદ જે લોકોએ જે સોનું ખરીદ્યું છેતેની તપાસ હાથ ધરાતા અનેક મોટા માથાઓની ખરીદીના વ્યવહારો બહાર આવશે. જો કે, જ્વેલર્સે પણ ચતુરાઈપૂર્વક સોનાના લાખોની કિંમતના ઘરેણા કાચી ચિઠ્ઠીથી વેચ્યા હોવાનું વિભાગની જાણમાં આવ્યું છે. આઈટી વિભાગ દ્વારા જ્વેલર્સની આસપાસના સ્થળો પરથી જ્વેલર્સને ત્યાં નોટબંધી બાદ ગયેલા લોકના સીસીટીવી ફુટેજ મેળવાયા છે તેના આધારે નોટબંધી પછીનો ઘરેણા-સોનાનો સ્ટોક-વેચાણ-ખરીદી દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ શરૂ થઈ ચુકી છે. આઈટી વિભાગે કોલકાતા, સુરત, રાજકોટ, સહિત અને જ્વેલર્સને ત્યાં દરોડા પાડીને આવા બેનામી વ્યવહારો પકડ્યા છે. જ્વેલર્સને ત્યાં શરૂ થયેલા વિભાગના સર્ચના પગલે કેટલાક નાના મોટા જ્વેલર્સે તેમની દુકાનના શટર પાડી દીધા છે તો કેટલાક શોરૂમ છોડીને ચુપચાપ નીકળી ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં જ્વેલર્સના શોરુમના સ્ટાફના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. શહેરના જાણીતા જ્વેલર્સ કે જેઓ તેમના શોરુમમાં નવી ડિઝાઈનના ઘરેણા આવ્યા હોવાની કે નવી સ્કીમની જાહેરાત માટે કસ્ટમરને ફોન કરતા રહેતા હોય છે. તેમણે આજે ફોન બંધ કરી દીધા છે તો કેટલાકે વાત કરવાનું ટાળ્યું છે. શહેરના માણેકચોક, સીજીરોડ અને સેટેલાઈટ રોડના સંજયકુમાર મનુભાઈ, પાટીદાર જ્વેલર્સ, રુદ્ર જ્વેલર્સ અને ઝીંઝુવાડિયા જ્વેલર્સ પર આવકવેરા વિભાગ શોરુમ ખુલતાની સાથે જ ત્રાટક્યા હતા. શોરુમના સ્ટાફને એક તરફ બેસાડી તમામ દસ્તાવેજો તપાસ અર્થે કબજે કર્યા હતા.

ખેડૂતોની માંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેતરમાંથી બજાર સુધી જે માલ જાય છે તેમાં ટેકાના ભાવની ખરીદી ચોક્કસ સમય સુધીની નહિ પણ તેનો સમયગાળો લંબાવવો જોઈએ. તેમણે એવી પણ ઉગ્ર રજૂઆત કરી હતી કે ખેડૂતને થતા ઉત્પાદન ખર્ચ ઉપર ૧૦ ટકા જેટલો સરેરાશ નફો ગણી અને ટેકાના ભાવ નિયત કરવામાં આવે.

ઘણીવાર ખેડૂતોને તેમના ઉત્પાદન ખર્ચ જેટલુ મૂલ્ય પણ પ્રાપ્ત થતુ નથી. તેમણે ભાવ જાહેર કરવાની પદ્ધતિમાં પણ બદલાવ લાવવાની હિમાયત કરી હતી. ખેડૂતલક્ષી યોજનાઓ અને પશુપાલનનો પણ એક સાથે વિકાસ થાય તેવો આગ્રહ અને આ માટે અલગથી જાગૃતિ અભિયાન સરકારો દ્વારા થાય તેવો આગ્રહ પણ રજુઆત કર્તાઓએ કર્યો હતો.

આજે રજુઆતોમાં ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ખેડૂત પ્રતિનિધિઓ અને અધિકારીઓ જોડાયા હતા. આ કમિશન સમક્ષ રાજ્ય સરકાર વતી રાજ્યના કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિતા અને રાજ્યમંત્રી ગોવિંદભાઈ વઘાસિયાએ પણ રજુઆતો અલગથી કરી હતી. તેઓ આ કમિશનની રજુઆતો સાંભળવાની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન હાજર રહ્યા હતા.

શાળા દંડાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષ માટે ૪ વર્ષ પેટે રૂ. ૧ લાખ મળી કુલ રૂ. ૧ લાખ ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે. રાજસ્થાન ઈંગ્લિશ સ્કૂલ રખિયાલને પણ રૂ. ૧ લાખ ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત તમન્ના ઈન્ટરનેશનલ સ્કૂલ કલોલને રૂ. ૬૦ હજાર, અમૃત ઈન્ડિયન સ્કૂલ કલોલ આનંદનિકેતન સ્કૂલ કલોલ, ક્રિસ્ટલ પબ્લીક સ્કૂલ માણસાને રૂ. ૩૫-૩૫ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે.

રાજસ્થાન ઈંગ્લિશ સ્કૂલ દહેગામને પણ રૂ. ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. શિક્ષણતંત્ર દ્વારા આ દંડનીય કાર્યવાહી કરવામાં આવતાં શિક્ષણ જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની ઘટના પહેલીવાર બહાર આવવા પામી છે.તંત્ર હવે શાળા સંચાલકો સામે વધુ સખ્તાઈથી કામ લે અને તેમની મનમાની બંધ થાય તેવી માંગ વાલીઓમાંથી ઉઠવા પામી છે.

દંડ વસુલાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા કિસ્સામાં દંડ વસુલી કરવામાં આવી હતી. આ ઉપરાંત પી યુ સી, નો પાર્કીંગ, ઓવર સ્પીડ સહીતના કિસ્સામાં પણ દંડ વસુલવામાં આવ્યો હતો. આર ટી ઓ કચેરી દ્વારા ડિસેમ્બર મહીનામાં રૂ ૮ લાખના દંડની વસુલી કરવામાં આવી હતી. શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ ઠેકાણેથી ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલાયો હતો.

કેશલેસ ફી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મામલે જનજાગૃતિ કેળવાય તેવા પ્રયાસો પણ હાથ ધરાયા હતા. જયારે શાળાકક્ષાએ પણ વિદ્યાર્થીઓની ફી ની રકમ કેશલેશ વ્યવ્હારથી સ્વીકારવા માટે સુચના આપવામાં આવી છે. આમછતા નગરની કેટલીક શાળાઓમાં કેશલેશ વ્યવ્હારને અપનાવાની બદલે ફી સ્વરૂપે કેશ જ સ્વીકારવાનો આગ્રહ રાખવામાં આવે છે. વાલીઓની રજુઆતના અંતે પણ શાળાના સંચાલકો ફી ની મોટાભાગની રકમ કેશથી જ સ્વીકારવાનો આગ્રહ રાખતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં વાલીઓને જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવા જણાંવાયુ છે. જયારે ફરિયાદ સંદર્ભે વાલીઓના નામ ગુપ્ત રાખવામાં આવશે તેમ પણ ડી ઈ ઓ એ જણાંવ્યુ છે.